# ગુજરાતમાં ૨૫ જુન આસપાસ ચોમાસાનુ આગમન થશે, વરસાદ સારો પડશે

**૩ થી ૫ જુનમાં પ્રિમોન્સુન વરસાદ થશે : ગાંધીનગર અમદાવાદમાં પણ વરસાદ આવશે : અંબારામ પટેલ, ચોમાસુ સારુ રહેશે : ૯૮ થી ૧૦૩ ટકા વરસાદ**

ગાંધીનગર તા ૧

ગુજરાતમાં પ્રિમોન્સુન એકટીવીટીના ભાગરૂપે ગુજરાતમાં તા ૩ થી ૫ જુન દરમિયાન વરસાદ થવાની સંભાવના છે. જયારે ગુજરાતમાં ૧૭ થી ૨૦ જુન દરમિયાન કચ્છમાં ૨૮ જુન તેમજ મધ્ય ગુજરાતમાં ૨૩ જુન આ મુજબ ગુજરાતમાં ૨૫ જુન આસપાસ ચોમાસાની શરૂઆત થઈ જશે ગાંધીનગર અમદાવાદમાં પણ બે દિવસમાં પ્રિમોન્સુનની અસર જોવા મળશે. તેમ જાણીતા હવામાન શાસ્ત્રી અંબાલાલ પટેલે જણાંવ્યુ છે.

હવામાન શાસ્ત્રી અંબાલાલ પટેલના જણાંવ્યા મુજબ હાલમાં હવામાન વિભાગ મુજબ તા ૨ જુને કેરળ ખાતે ચોમાસુ પહોંચે તો મહારાષ્ટ્રમાં ૧૩ જુન આસપાસ ચોમાસુ પહોંચવાની સંભાવના છે. જયારે ગુજરાતમાં ૧૭ થી ૨૦ જુન દરમિયાન કચ્છમાં તા ૨૮ જુન મધ્ય ગુજરાતમાં , ૨૩ જુન ગુજરાતમાં આ હીસાબે તા ૨૫ જુન આસપાસ એટલે કે તા ૨૧,૨૨ જુન આદ્રા નક્ષત્રમાં ચોમાસુ આવી જશે. આ વખતે ચોમાસુ સારુ રહેશે. મધ્ય ગુજરાતમાં ૧૦૩ ટકા વરસાદ રહેવાની સંભાવના છે. એટલે કે મધ્ય ગુજરાતમાં ૧૦૩ ટકા વરસાદ રહેવાની સંભાવના છે.

જયાર મધ્ય ગુજરાતના નજીકના ભાગો, પંચમહાલના ભાગો, અરવલ્લીના ભાગો, ઉત્તર મધ્ય ગુજરાતના ભાગો અને દક્ષિણ ગુજરાતના ભાગોમાં ચોમાસુ સારુ રહેવાની સંભાવના છે. સૌરાષ્ટ્રમાં દરિયા કીનારાના ભાગો તેમજ સૌરાષ્ટ્રના અન્ય ભાગોમોં ચોમાસુ સારુ રહેવાની સંભાવના છે. ગુજરાતમાં ૯૮ ટકા વરસાદ વરસશે. જો કે ૧૦૩ ટકા સુધી વરસાદ થવાની સંભાવના છે. મધ્ય ગુજરાતના ભાગોમાં પંચમહાલ તેમજ અરવલ્લીના વિસ્તર અન ઉત્તર મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતના ભાગોમાં પણ ચોમાસુ સારુ રહેવાની સંભાવના છે. જયારે ગુજરાતમાં તા ૩ થી ૫ જુન દરમિયાન પ્રિ માન્સુન એકટીવીટીના ભાગરૂપે વરસાદ વરસવાની સંભાવના છે. અમદાવાદ ગાંધીનગરમાં પણ તા ૨ થી ૪ જુન દરમિયાન ગાજવીજ સાથે વરસાદ થવાની સંભાવના છે. જો કે પ્રિમોન્સુન એકટીવીટીના ભાગરૂપે હવામાન બદલાશે. પાકીસ્તાન , ઉત્તર રાજસ્થાનના ભાગો સહીત ગુજરાતના તમામ ભાગોમાં તેની અસર થશે.

# પીઆઈયુ વિભાગના ઈજનેરોના પડતર પ્રશ્નોનો ઉકેલ ક્યારે ?

**સરકાર તરફથી ૧૫ દિવસમાં હકારાત્મક નિર્ણય નહી આવે તો આંદોલન**

ગાંધીનગર, તા.૧

ડોકટર્સ, નર્સિંગ સ્ટાફ અને હવે પ્રોજેકટ ઈમ્પ્લીમેન્ટેશન યુનિટના ઈજનેરો તેમજ કર્મચારીઓએ પોતાના પડતર પ્રશ્નોને લઈ સરકાર સામે બાંયો ચડાવી છે. પોતાની માંગણીઓનો ઝડપી ઉકેલ આવે તે માટે પીઆઈયુ એન્જીનિયર્સ એસોસિએશન દ્વારા રાજયના મુખ્યમંત્રીને આવેદન પત્ર આપી યોગ્ય કરવા રજુઆત કરાઈ છે. ત્યારે આજે પીઆઈયુ વિભાગના ઈજનેરોએ કાળી પટ્ટી ધારણ કરી બપોરના સમયે સિવિલ કેમ્પસ સ્થિત ઓફિસ નીચે બેનર્સ દર્શાવી સુત્રોચ્ચાર કરી વિરોધ પ્રદર્શિત કર્યો હતો. જો ટુંક સમયમાં માંગણીઓ નહીં સંતોષાય તો એસોશિએશન દ્વારા ઉગ્ર આંદોલની ચિમકી ઉચ્ચારી છે.

પ્રોજેકટ ઈમ્પ્લીમેન્ટેશન યુનિટની સ્થાપના વર્ષ ૨૦૦૨ માં કાયમી નોકરી તેમજ સંલગ્ન લાભો આપવા, સરકારના નિયમો અનુસાર બઢતી આપવી, ફરજ (હેલ્થ) દ્વારા પડતર માંગણીઓ અંગે મુખ્યમંત્રીને આવેદન પત્ર પાઠવી ૧૫ દિવસમાં હકારાત્મક




થઈ હતી. રાજયભરમાં વિવિધ સ્થળ પર આવેલી પીઆઈયુ યુનિટની કચેરીઓમાં ૩૫૦ ઈજનેર સહિત અંદાજીત ૭૦૦ જેટલા કર્મચારીઓ કામ કરે છે. પીઆઈયુ હેલ્થ વિભાગમાં દોઢ દાયકાથી કામ કરતા ઈજનેરોની પડતર માંગણીઓ જેવી કે પગાર વધારો, કોન્ટ્રાકટ પ્રથા નાબુદ કરવી, દરમિયાન કાનુની રક્ષણ આપવું, છુટા કરાયેલા ઈજનેરોને ફરજ પર હાજર કરવા, પગાર ધોરણમાં દર વર્ષે ઈજાફો આપવો તે સહિતની છે. પડતર માંગણીઓ અંગે વારંવાર રજુઆત કરવા છતા સરકાર દ્વારા કોઈ ઉકેલ લાવવામાં આવ્યો નથી. ત્યારે પીઆઈયુ એન્જીનિયર્સ એસોસિએશન નિર્ણય કરવા રજુઆત કરાઈ છે. જો પ્રશ્નોનો ઉકેલ નહી આવે તો ઈજનેરો દ્વારા હડતાલની ચિમકી ઉચ્ચારવામાં આવી છે.જયારે આજે સમગ્ર રાજયમાં પીઆઈયુ વિભાગના ઈજનેરો અન્ય સ્ટાફ મિત્રોએ કાળી પટ્ટી ધારણ કરી વિરોધ નોંધાવ્યો હતો. ત્યારબાદ પેનડાઉનનો કાર્યક્રમ યોજાશે.

## ખૂણેખાંચરેથી

- કે.કે. પટેલ મુખ્ય ઈજનેર (સિવીલ)ને વય નિવૃત્તિ બાદ તેજ સ્થાને કરાર આધારિત નિમણુંક આપવામાં આવી છે.
- સામાન્ય વહીવટ વિભાગે ૪ જેટલા ગુજરાતી સ્ટેનોગ્રાફરને રહસ્ય સચિવ તરીકે બઢતી આપવાના હુકમો જારી કર્યા છે.
- દહેગામ ન.પા.નું લાઈટ બિલ રૂ. ૫૩ લાખની બાકી વસુલાત માટે યુજીવીસીએલ દ્વારા નોટીસ ફટકારવામાં આવી છે.
- રાજયમાં વેક્સિનેશન અભિયાનને સઘન બનાવવા માટે મેને. ડિરેકટર એન.એચ.એમ.એ આજે વિડીયો કોન્ફરન્સ યોજી હતી.
- ગાંધીનગર શહેરમાં આજે ૧૮+ના ૩૭૩૪ યુવાઓને અને ૪૯૮ ૪૫+ લોકોને મળી ૪૨૦૦થી વધુને વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા છે.
- જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૧૪૫૦ લોકોને વેક્સિનેશન અભિયાન અંતર્ગત આવરી લેવામાં આવ્યા છે.
- ગાંધીનગર શહેરના વિવિધ સ્મશાનગૃહોમાં આજે પાંચ મૃતકોની અંતિમ વિધિ કોવિડ ગાઈડલાઈન પ્રમાણે કરવામાં આવી છે.
- કોરોનાનું સંક્રમણ ઘટતાં તંત્રએ હવે ધીમી ગતિએ રોજીંદી કામગીરીનો આરંભ કર્યો છે.
- આજે મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજનાના અમલીકરણને લઈ મનપામાં ખાસ સમીક્ષા બેઠક યોજાઈ હતી.

# અડાલજ પાસેથી હાઈડ્રોકલોરીક એસીડનું ગંદુ પાણી ભરેલા બે ટેન્કર ઝડપાયા

ગાંધીનગર, તા.૧

છત્રાલ-અડાલજ હાઈ-વે માર્ગ પર ઈન્ડીયન ઓઈલના જનપથ પેટ્રોલીયમ પાસેથી પર્યાવરણને નુકશાન કરતા હાઈડ્રોકલોરીક એસીડનું ગંદુ પાણી ભરેલી બે ટેન્કરો ખાલી કરવા જતા બે શખ્સોને એલસીબી-૧ પોલીસે દબોચી લીધા છે. પોલીસે બે ટેન્કરમાંથી ૬૦ હજાર જેટલુ હાઈડ્રોકલોરીક એસીડનું વેસ્ટેડ પ્રદુષિત પાણી કબ્જે કરી બે ટેન્કર સહિત કુલ રૂ.૨૦ લાખનો મુદ્દામાલ કબ્જે કરી બે ડ્રાઈવર સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાની સુચનાથી એલસીબી-૧ જે.જી.વાઘેલાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ વી.કે.રાઠોડ અને ટીમના સભ્યો કલોલ વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા. તે સમયે હેડ કોન્સ્ટેબલ લતીફખાન અને કોન્સ્ટેબલ રાજવીરસિંહને સંયુકત બાતમી મળી હતી કે અશિયન ટયુબ પ્રાઈવેટ લિમિટેડમાંથી પ્રદુષિત ગંદુ પાણી ભરી ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડની મંજુરી વિના ટેન્કર નં. જી.જે.૨૭.ટી.ટી.-૩૯૦૧ અને ડી.એન.૦૯.આર.-૯૫૬૪ ના ચાલક છત્રાલ થી અડાલજ હાઈ વે પર જનપથ પેટ્રોલીયમ પાસે આવનાર છે. તેમજ તે ગંદુ પાણી ભરેલા ટેન્કરો




લઈ જઈ રાત્રીના સમયે અંધારામાં કોઈ અવાવરૂ સ્થળ પર ખાલી કરી નાંખે છે. જેથી પોલીસ વોચ ગોઠવી બેઠી હતી તે સમયે બાતમીવાળા ટેન્કર જનપથ પેટ્રોલીયમ પાસે સર્વિસ માર્ગ પર આવતા પોલીસે પકડી પાડ્યા હતા. પોલીસે ટેન્કરમાં રહેલા શખ્સનુ નામ પુછતા તેણે રમેશભાઈ ગીગાભાઈ મોઢવાડીયા ( રહે. મ.નં.૬૦૧, સોહમ સોસાયટી હાથીજણ સર્કલ અમદાવાદ મુળ રહે. ગામ-મહિયારી જી.પોરબંદર) જણાવ્યું હતું. જેનો ટેન્કર નંબર જી.જે.૨૭.ટી.ટી.-૩૯૦૧ હતો. ટેન્કરની અંદરથી દુર્ગંધ મારતા ચેક કરતા તેમાં અંદાજીત ૩૦ હજાર લીટર ગંદુ પાણી ભરેલુ હતું. જયારે ટેન્કર નં.ડી.એન. ૦૯. આર.૯૫૬૪ ના ચાલકને પુછતા તેણે ચંદ્રપ્રકાશ વિજયસિંહ રાવત (રહે. બડાવાસ બગડ ગામ તા.ભીમ, રાજસમન્દ રાજસ્થાન) હોવાનું જણાવ્યું હતું. આ ટેન્કરમાં પણ ૩૦ હજાર જેટલુ ગંદુ પાણી ભરેલુ જણાઈ આવ્યુ હતું. જેને પુછપરછ કરતા કલોલ-મહેસાણા માર્ગ પર આવેલ એશિયન ટયુબ પ્રાઈવેટ લિમિટેડમાંથી ગંદા પાણીના ટેન્કર ભર્યા હતા અને અમદાવાદ વટવા ખાતે લઈ જવાના હતા.પોલીસે ટેન્કરમાં ભરેલા પ્રદુષિત પાણીના બિલ માંગતા તેઓની પાસે નહી હોવાનું જણાવ્યું હતું. ગંદા પાણીને પગલે પ્રદુષણને નુકશાન તેમ હોવાથી પોલીસે તાત્કાલીક ગુજરાત પ્રદુષણ બોર્ડના અધિકારી ડી.પી.પ્રજાપતિ અને આર.કે.પટેલ સ્થળ પર બોલાવ્યા હતા. અધિકારીઓએ ટેન્કરમાં રહેલ પ્રદુષિત પાણી તપાસ કરતા હાઈડ્રોકલોરીક એસિડનું વેસ્ટેડ પાણી હોવાનું જણાઈ આવ્યું હતું. જીપીસીબીના અધિકારી અને પોલીસે એશિયન ટયુબ પ્રાઈવેટ કંપનીમાં તપાસ કરતા કંપનીના પાછળના ભાગેથી ઈપીટી પ્લાન્ટ એરીયામાં ૮ મોટા લંબ ચોરસ ટાંકા ગંદુ પાણી ભરેલા મળી આવ્યા હતા.આ ટેન્કરમાં ગંદુ પાણી અન્ય શખ્સ અજીતજી સોનાજી પઢીયારે ભરી આપ્યા હોવાનું ધ્યાને આવ્યું હતું.જેથી પોલીસે ગુનો નોધી આગળની તપાસ હાથ ધરી છે.

**રાજ્યની બિનસરકારી અનુદાનિત**

# ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ૨૯૩૮ શિક્ષણ સહાયકોનું નવનિયુકત માનવબળ જોડાયું

**રાજ્ય સરકારે એક દાયકામાં ૧૪ હજાર શિક્ષકોની ભરતી કરી છે : આ વર્ષે કોરોના કાળમાં પણ ભરતી પ્રક્રિયા ફેઇસ લેસ-પેપર લેસ ઢબે કરીને શિક્ષણ વિભાગે પારદર્શીતા-ટ્રાન્સપરન્સી દર્શાવી**

ગાંધીનગર, તા. ૧

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યની બિનસરકારી અનુદાનિત ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં નવી નિમણૂંક પામેલા ૨૯૩૮ શિક્ષણ સહાયકોને નિયુકિત પત્ર એનાયત કરતાં સ્પષ્ટપણે જણાવ્યું કે ભાવિ પેઢીના ઘડતરમાં માતા-પિતા કરતાં ઉંચું સ્થાન શિક્ષક સમુદાયનું છે તે તમારા કતૃત્વથી વધારે દૈદિપ્યમાન બનાવવાનું છે.

આ સંદર્ભમાં મુખ્યમંત્રી



વિજયભાઈ રૂપાણીએ કહ્યું કે આપણી પ્રાચીન સંસ્કૃતિ અને પરંપરામાં પણ "ગુરૂ ગોવિંદ દોનો ખડે..." ઊક્તિ પ્રચલિત છે. એટલે કે ગુરૂની કૃપા તેની જ્ઞાન પુરૂં પાડવાની ક્ષમતાથી જ ગોવિંદના પણ દર્શન થઈ શકે છે.

મુખ્યમંત્રીએ શિક્ષકના વ્યવસાયને નોબેલ પ્રોફેશન ગણાવતાં એમ પણ કહ્યું કે આ વ્યવસાય મની મેકિંગ નથી પરંતુ સમાજની ઉચ્ચ સંસ્કારયુકત ચારિત્ર્યવાન ભાવિ પેઢીનું ઘડતર કરવાનું ઉત્તમ સેવાદાયિત્વ આ વ્યવસાય પુરૂં પાડે છે.

તેમણે જણાવ્યું કે રાજ્યની શાળાઓમાં કોરોના દરમ્યાન શાળાઓ બંધ હતી પણ શિક્ષણ નહિ શિક્ષકોના અભાવે વિદ્યાર્થીઓને કોઈ વિષયોના અભ્યાસમાં તકલીફ કે રૂકાવટ ન આવે તે હેતુસર રાજ્ય સરકારે કોરોના સંક્રમણના કાળમાં પણ ફેઈસ લેસ પેપર લેસ-ટ્રાન્સપેરન્ટ ભરતી પ્રક્રિયા હાથ ધરી આ નવનિયુકત શિક્ષકોનું ચયન-પસંદગી ગુણવત્તાના ધોરણે કરી છે. શિક્ષણ વિભાગને આ માટે તેમણે અભિનંદન પાઠવ્યા હતા.

તેમણે ઉમેર્યુ કે પાછલા એક દસક-૧૦ વર્ષમાં રાજ્યની શાળાઓમાં ૧૪ હજાર જેટલા શિક્ષકોની ભરતી આ સરકારે કરી છે. મુખ્યમંત્રીએ પ્રતિકરૂપે ગાંધીનગરમાં પાંચ નવનિયુકત શિક્ષકોને નિમણૂંક પત્રો એનાયત કર્યા હતા. રાજ્યના જિલ્લા મથકોએ જિલ્લા કલેકટરો દ્વારા આવા નિયુક્તિ પત્રો અર્પણ થયા હતા. આ સમગ્ર કાર્યક્રમ વિડીયો લીક દ્વારા જિલ્લા સ્તરે પણ પ્રસારિત થયો હતો.

શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ પ્રાસંગિક સંબોધનમાં કહ્યું કે રાજ્યના પ્રાથમિક અને માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓના હિતમાં રાજ્યવ્યાપી બ્રીજકોર્સ શરૂ કરવાની જાહેરાત કરતાં કહ્યું કે માસ પ્રમોશન મેળવેલા વિદ્યાર્થિઓને પાછલા ધોરણના મુખ્ય વિષયોના અગત્યના પ્રકરણો સમજાવવા માટે આ બ્રીજકોર્સ આવશ્યક છે.

સામાન્ય રીતે વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ શીખવાની અને શિક્ષકને પ્રત્યક્ષ શીખવાડવાની આદત હોય છે. કોરોનાને કારણે વિદ્યાર્થીઓ પ્રત્યક્ષ શિક્ષણથી વંચિત રહ્યા છે અને માસ પ્રમોશન પણ મેળવ્યું છે ત્યારે શિક્ષકો બ્રીજકોર્સ થકી વિદ્યાર્થિઓને નવા વિષયો ભણવા માટે સજ્જ બનાવે તે જરૂરી છે. આજે જે વિદ્યાર્થી અગિયારમા ધોરણમાં છે તેણે ધોરણ ૯ અને ધોરણ ૧૦ની પરીક્ષા આપી નથી. શિક્ષણની ગુણવત્તા જળવાઈ રહે તે માટે બ્રીજ કોર્સ અતિ ઉપયોગી બની રહેશે તેમ તેમણે ઉમેર્યું હતું.

## એ.એ. પટેલ કોમર્સ કોલેજનો ઓનલાઈન કારકિર્દી માર્ગદર્શક કાર્યક્રમ યોજાયો

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ દ્વારા આજ રોજ ટી.વાય.બીકોમ ના વિદ્યાર્થીઓ માટે કારકિર્દી માર્ગદર્શનનું આયોજન સવારે ૧૦થી ૧૧ કલાક દરમિયાન ઓનલાઈન પ્લૅટફૉર્મ ઉપર કરવામાં આવ્યું હતું. ઉપરોક્ત કાર્યક્રમમાં વિષય નિષ્ણાંત તરીકે કડી સર્વ વિશ્વવિદ્યાલયના કોમર્સ ફેકલ્ટીના ડિરેકટર ડૉ. કપિલ ત્રિવેદી એ સેવા આપી હતી. તેમણે વિદ્યાર્થીઓને જણાવ્યુ હતું કે, "ચોક્કસ દિશા માં તમારું ચોક્કસ કદમ તમારી કારકિર્દીનું દિશા સુચન નક્કી કરશે". વધુ માં તેમણે બીકોમ બાદ આગળ ઉપરના અભ્યાસક્રમની પસંદગી કરતી વેળા એ શું ધ્યાનમાં રાખવું? તેમજ કયા કોર્સ ક્યાં થાય છે તથા તેમાં એડ્મિશન લેવાની પ્રક્રિયા શું છે તેની પણ સચોટ માહિતી આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન પ્રા. જિગ્નેશ તોગડિયા તથા આભારવીધી પ્રા. રુચિ યાજ્ઞિક દ્વારા કોલેજના આચાર્ય ડૉ. વિજ્ઞા ઓઝાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

# મ્યુકરમાઈકોસિસના ઈન્જે.ના રાજ્યવ્યાપી કૌભાંડનો પર્દાફાશ

રાજકોટ પોલીસે મ્યુકરમાઈકોસિસનાં ઈન્જેકશનનાં રાજ્ય વ્યાપી કાળાબજારીનો પર્દાફાશ કર્યો છે. ૩૪૫ રૂપીયામાં વેચાતું એમ્ફોટેરીસીન-બી નામનાં ઈન્જેકશનનાં ૬ હજારથી ૭૮૫૦ સુધીની ઉંચી રકમ વસુલ કરતા હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે. સુરતનાં મુખ્ય માસ્ટર માઈન્ડ સહિત ૧૪ શખ્સો પાસેથી પોલીસે ૧૦૧ ઈન્જેકશન કબજે કરી તપાસ શરૂ કરી છે. રાજકોટ સહિત સમગ્ર રાજયમાં કોરોના બાદ મ્યુકરમાઈકોસિસ મહામારીનો કહેર જોવા મળી રહ્યો છે. મ્યુકરમાઈકોસિસનાં ઈન્જેકશનની અછત સર્જાતા કાળાબજારી થતી હોવાની ફરીયાદો ઉઠી હતી. જેને લઈને રાજકોટ પોલીસ કમિશ્નર મનોજ અગ્રવાલે સ્પેશ્યલ ઓપરેશન ગ્રૃપને કાળા બજારી રોકવા માટે સૂચન કર્યું હતું. જેમાં રાજકોટ એસઓજીની ટીમને માહિતી મળી હતી કે, શહેરનાં રૈયા રોડ પર આવેલ સેલસ હોસ્પિટલ પાસે મેહુલ ગોરધન કટેસીયા એક્ટિવામાં એમ્ફોટેરીસીન-બી ઈન્જેક્શન વેચી રહ્યો છે. પોલીસ ડમી ગ્રાહક મોકલીને ખરાઈ કરવામાં આવી હતી. જેમાં આરોપી મેહુલ કટેસીયાએ રૂપીયા ૩૪૫નું ઈન્જેક્શન ૬૫૦૦ રૂપીયામાં વેચ્યું હતું. જેથી પોલીસે આરોપી મેહુલ કટેસીયાની ધરપકડ કરી તેની પાસેથી બે ઈન્જેક્શન કબજે કર્યા હતા. પોલીસ પૂછપરછમાં આ કાળાબજારીનું રેકેટ રાજ્ય વ્યાપી હોવાનું સામે આવતા ઉંડાણપૂર્વક તપાસ કરવામાં આવી હતી. જેથી સુરતનાં હાર્દિક પટેલ નામનાં શખ્સ કાળાબજારીનું રેક્ટ ચલાવતો હોવાથી પોલીસે તેની ધરપકડ કરી હતી. સાથે જ સૌથી વધુ જથ્થો અમદાવાદમાં મોકલવામાં આવ્યો હોવાનું ખુલ્યું હતું. પોલીસ તપાસમાં બે મેડિકલ ઓફિસર સહિત ૧૪ શખ્સોની પોલીસે ધરપકડ કરી તપાસ શરૂ કરી છે. પોલીસ કમિશ્નર મનોજ અગ્રવાલે જણાવ્યું હતું કે, આ રાજ્યવ્યાપી કૌભાડનો મુખ્ય સુત્રધાર તરીકે સુરતનો હાર્દિક મુકેશભાઈ વડાલીયા (પટેલ) નામનો શખ્સ છે. જે તમામ લોકોને ઈન્જેક્શન સપ્લાય કરતો હતો. પોલીસે મેહુલ કટેશીયા, રાયસિંગ ઉર્ફે ગોપાલ વંશ, અશોક કાગડીયા, નિકુંજ જગદીશ ઠાકર, વત્સલ બારડ, યશ દિલીપકુમાર ચાવડા, ઉત્સવ નિમાવત, રૂદય જાગાણી, હિરેન રામાણી, હાર્દીક વડાલીયા, શુભમ તિવારી, વિશ્વાસ રાયસિંગ પાવરા અને અભિષેક શાહ નામના શખ્સોની ધરપકડ કરી છે.

## એપોલો હોસ્પિટલ દેશવ્યાપી રસીકરણ અભિયાન જોડાયુ

દેશનું અગ્રણી હેલ્થકેર ગ્રુપ એપોલો હોસ્પિટલ્સ કોઈપણ કુદરતી આપત્તિઓ સામે, ખાસ કરીને હાલ કોવિડ-૧૯ મહામારીઓ સામે લડવામાં હંમેશા મોખરે રહ્યું છે. કોવિડ મહામારી સામે રક્ષણ મેળવવા ઓછામાં ઓછા સમયમાં વધુને વધુ લોકોનું રસીકરણ કરવાના ભારત સરકારના અભિયાનમાં ટેકો આપવાના ઉદાત્ત આશય સાથે એપોલો હોસ્પિટલ્સ સરકારની માર્ગદર્શિકા મુજબ ઉત્પાદકો પાસેથી ખાનગી રીતે રસીની ખરીદી કરે છે તથા હોસ્પિટલમાં વેક્સિનેશન કેમ્પ ચલાવે છે અને દેશના વિવિધ શહેરોમાં સામુહિક રસીકરણ કાર્યક્રમો શરૂ કર્યા છે.

રસીકરણના ખર્ચમાં લોજિસ્ટિકસ, કોલ્ડ ચેઈન મેઈન્ટેનન્સ અને આટલા મોટા પાયે સામુહિક રસીકરણ અભિયાન ચલાવવા સ્ટાફના ખર્ચને સામેલ કરવામાં આવે છે. અપોલો હોસ્પિટલ્સની આ એક ઉદ્દાત અને સેવાભાવી (નોન-પ્રોફિટ) પહેલ છે, જેનો એકમાત્ર ઉદ્દેશ ઓછામાં ઓછા સમયગાળામાં વધુને વધુ લોકોનું રસીકરણ કરવાનો છે. ખાસ કરીને જ્યારે વિવિધ નિષ્ણાતોનું જૂથ નજીકના ભવિષ્યમાં દેશમાં ત્રીજી લહેરની ધારણા વ્યક્ત કરે છે ત્યારે મુંબઈ, દિલ્હી, બેંગલોર, ચેન્નાઈ, હૈદરાબાદ, નાસિક, વિઝાગ, ભુવનેશ્વર, લખનૌ, દિલ્હી વગેરે જેવા શહેરોમાં હોસ્પિટલમાં રસીકરણ ચાલુ છે. આ ઉપરાંત અપોલો હોસ્પિટલ્સ-ગાંધીનગર/અમદાવાદે હવે અમદાવાદના જીએમડીસી ગ્રાઉન્ડમાં ડ્રાઈવ થ્રૂ માસ વેક્સિનેશન (ડીટીએમવી) કાર્યક્રમ શરૂ કર્યો છે અને એનું સંચાલન કરે છે. અપોલો હોસ્પિટલે ૬૦ કે વધારે સ્ટાફને આ કાર્યક્રમમાં સામેલ કર્યો છે.

# સમગ્ર રાજયભરમાંથી ૫૩ ઝોલાછાપ તબીબ પકડાયા

ગાંધીનગર,તા.૧

રાજ્યમાં કોરોનાકાળમાં સારવારના બહાને પ્રેક્ટિસ કરતાં ૫૩ નકલી ડોક્ટર્સ ઝડપાયા છે. ડીજીપીના આદેશને પગલે ૨ મહિનાથી રાજ્યવ્યાપી ડ્રાઈવ યોજવામાં આવી હતી, જેમાં રાજ્યના ગ્રામ્ય વિસ્તારોમાં ૫૩ નકલી ડોક્ટરો ઝડપાયા છે. મોટાભાગના કિસ્સામાં બહારના રાજ્યમાંથી આવી કોઈ જ ડિગ્રી વગર જ દવાખાના ખોલી નાંખીને ગ્રામ્ય વિસ્તારોમાં નકલી ડોક્ટરો પ્રેક્ટિસ કરતા ઝડપાયા છે. કોરોના કાળમાં નાના શહેરો અને ગ્રામ્ય વિસ્તારોમાં જ્યાં મોટી હોસ્પિટલો નથી, ત્યાં અમુક લેભાગુ તત્વો તબીબી સારવારના નામે લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતાં હોવાનું પોલીસ તંત્રના ધ્યાન પર આવ્યુ હતું. જેના બાદ દર્દીની તબિયત બગડે એટલે મોટી હોસ્પિટલમાં રિફર કરી સ્વાસ્થ્યને જોખમમાં મુકવામાં આવતું હોવાનું ડીજીપી આશિષ ભાટિયાના ધ્યાર પર આવ્યું હતું. જેથી ડીજીપીએ રાજ્યભરમાં નકલી ડોક્ટરને શોધી કાઢવા આદેશ કર્યો હતો. તા. ૧ એપ્રિલથી આ ડ્રાઈવ શરૂ કરવામાં આવી હતી. તારીખ ૧ એપ્રિલથી તા ૩૧ મે સુધીમાં રાજ્યમાં કુલ ૫૩ બોગસ ડોક્ટર પકડી પાડવામાં આવ્યાં છે. ૫૩ ગુના નોંધીને પોલીસે ૫૭ આરોપીને ઝડપી લેવાયા છે. વલસાડ જિલ્લામાં સૌથી વધુ ૯ નકલી ડોક્ટર ઝડપી ગુના નોંધાયા છે. તો વડોદરા ગ્રામ્યમાં ૪, પંચમહાલ જિલ્લામાં ૪ અને મોરબી જિલ્લામાં એક નકલી ડોક્ટર પકડાયો છે. મોટાભાગના કિસ્સામાં બહારના રાજ્યમાંથી આવેલા શખ્સો કોઈ જ ડિગ્રી વગર ગામડાના લોકોને તબીબી સારવારના નામે એલોપથી દવા આપતા હતા.

# એલોપેથી સારવાર સાથે આયુર્વેદિક સારવાર કોવિડ માટે કારગત નીવડી

ગાંધીનગર, તા. ૧

વૈશ્વિક મહામારી કોરોના સંદર્ભે રાજયના નાગરિકોને સુરક્ષિત કરવા માટે રાજયભરમા આયુષ નિયામકશ્રીની કચેરી દ્વારા આયુષ સારવાર માટે અસરકારક કામગીરી કરવામા આવી રહી છે જેના ઘણા સારા પરિણામો પ્રાપ્ત થઈ રહ્યા છે. દર્દીઓને એલોપેથી સારવારની સાથે સાથે આયુર્વેદિક સારવાર કોવિડ માટે આપવામા આવી છે જે સાચા અર્થમા કારગત નીવડી છે. અમદાવાદની સીવિલ હોસ્પિટલ ખાતે ૧૨૦૦ બેડની કોવીડ ડેઝીગ્નેટેડ હોસ્પિટલ ખાતે સ્ટાન્ડર્ડ એલોપેથીની સારવાર સાથે માન્ય નિશ્ચિત પ્રોટોકોલની આયુર્વેદ સારવાર માટે એલોપેથી તજજ્ઞ સમિતિની મંજૂરી સાથે સંશોધન કાર્ય હાથ ધરાયુ હતુ. આ સંશોધન રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ આરોગ્ય વિભાગના અગ્ર સચિવ જયંતિ રવિની પૂર્વ મંજૂરી સાથે હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં આ સંશોધન માટે જે દર્દીઓ સંમત હતા તેવા દર્દીઓ પર અભ્યાસ કરવામાં આવ્યો જે સંશોધનના નીચોડમા આ પરિણામો મળ્યા છે.

આયુષ નિયામકશ્રી દ્વારા જણાવ્યાનુસાર આ સંશોધન કાર્ય બે ગ્રૂપમાં કરવામાં આવ્યા હતા. જેમાં **Group A (STG- Standard Treatment Group)** માં ૧૨૦૦ બેડ સિવિલ હોસ્પિટલ ખાતેની સ્ટાન્ડર્ડ એલોપેથીની સારવાર આપવામાં આવી હતી જેમાં એલોપેથીનો સ્ટાન્ડર્ડ પ્રોટોકોલ અનુસરવામાં આવેલ અને **Group B (ATG- Ayurved Treatment Group)** માં આયુષ પ્રભાગ, ગુજરાત રાજ્ય માન્ય નિશ્ચિત પ્રોટોકોલની આયુર્વેદ સારવારને એલોપેથીક સારવારની સાથે સાથે આપવામાં આવી.

**Group-B (ATG)** માં આયુર્વેદ પ્રોટોકોલ અન્વયે ઔષધ આપીને સારવાર કરાઈ હતી જેમાં દશમૂલ ક્વાથ ૨૦ **ml**+, પથ્યાદિ ક્વાથ ૨૦ **ml**+, ત્રિકટુ ચૂર્ણ ૨ ગ્રામ, ૪૦ **ml** ઉકાળો દિવસમાં એકવાર સવારે ભૂખ્યા પેટે આપવામાં આવ્યો હતો. સંશમની વટી (૫૦૦ મિલિગ્રામ ટેબલેટ) ૧ ગ્રામ સવારે અને ૧ ગ્રામ સાંજે જમ્યા પછી, આયુષ - ૬૪ ટેબલેટ (૫૦૦ મિલિગ્રામ ટેબલેટ) એક ગ્રામ સવારે અને એક ગ્રામ સાંજે જમ્યા પછી, યષ્ટીમધુ ઘનવટી (૨૫૦ મિલિગ્રામ ચૂસવા માટેની ટેબલેટ) ત્રણ ગ્રામ પ્રતિદિન ૬ વિભાજિત ભાગમાં દિવસ દરમિયાન ચૂસવા માટે આપવામાં આવી હતી. આ દવાઓ વધુમાં વધુ ૨૮ દિવસ સુધી અથવા **RT–PCR** નેગેટિવ આવે ત્યાં સુધી ચાલુ રાખવામા આવી હતી.